રાજ્યની સરકારી યુનિવર્સિટીઓ/કોલેજો માટે
વેકેશન જાહેર કરવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
પરિપત્ર ક્રમાંકઃ પરચ/૨૦૧૮/૬૧/ખ-૧
સચિવાલય, ગાંધીનગર.
તા.૩૦.૦૪.૨૦૨૧

વંચાણે લીધા: (૧) શિક્ષણ વિભાગનો તા.૧૨/૧૦/૨૦૨૦નો ઠરાવ
(૨) શિક્ષણ વિભાગનો તા.૧૯/૧૦/૨૦૨૦નો ઠરાવ
(૩) શિક્ષણ વિભાગનો તા.૦૭/૦૧/૨૦૨૧નો ઠરાવ
(૪) શિક્ષણ વિભાગનો તા.૦૪/૦૨/૨૦૨૧નો ઠરાવ
(૫) શિક્ષણ વિભાગનો તા.૧૯/૦૩/૨૦૨૧નો પરિપત્ર
(૫) શિક્ષણ વિભાગનો તા.૧૬/૦૪/૨૦૨૧નો પરિપત્ર

પરિપત્ર :-

વંચાણે લીધેલ ક્રમ -(૧) અને (૨) પરના ઠરાવોથી શૈક્ષણિક વર્ષ-૨૦૨૦-૨૧ માટે શિક્ષણ વિભાગ હેઠળની સર્વે સરકારી યુનિવર્સીટીઓ માટે મેડિકલ અને ફાર્મસી સિવાયના અભ્યાસક્રમો માટે કોમન એકેડમિક કેલેન્ડર નિયત કરવામાં આવેલ હતું. જે મુજબ નવુ શૈક્ષણિક સત્ર તા.૦૧.૦૭.૨૦૨૧થી શરૂ કરવા સૂચનાઓ આપવામાં આવેલ હતી.

શૈક્ષણિક વર્ષ-૨૦૨૦-૨૧ દરમિયાન રાજ્યમાં નોવેલ કોરોના વાયરસ (કોવીડ-૧૯)ની સંક્રમણની પરિસ્થિતિઓને ધ્યાનમાં લઈ શિક્ષણ વિભાગ દ્વારા પોસ્ટ લોકડાઉનમાં યુનિવર્સિટીઓ/કોલેજો રી-ઓપન કરવા માટે વખતો વખત માર્ગદર્શક સૂચનાઓ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. શિક્ષણ વિભાગ દ્વારા છેલ્લે વંચાણે લીધેલ ક્રમ-(૬) પરના પરિપત્રથી કોરોના વાયરસના વધતા સંક્રમણની પરિસ્થિતિને ધ્યાનમાં લઈને શિક્ષણ વિભાગ હસ્તકની તમામ યુનિવર્સિટીઓ અને કોલેજોમાં તા.૩૦.૦૪.૨૦૨૧ સુધી તમામ ભૌતિક શિક્ષણ કાર્ય (વર્ગખંડ શિક્ષણ) મોકૂફ રાખવા સૂચનાઓ આપવામાં આવેલ છે. આમ, હાલ તમામ યુનિવર્સીટીઓ/કોલેજોમાં ભૌતિક શિક્ષણ કાર્ય (વર્ગખંડ શિક્ષણ) સ્થગિત છે.

તાજેતરમાં કોરોના વાયરસના વધતા સંક્રમણની પરિસ્થિતિઓને ધ્યાનમાં લઈ રાજ્ય સરકાર દ્વારા શિક્ષણ વિભાગ હસ્તકની તમામ સરકારી યુનિવર્સિટી અને તેને સંલગ્ન સરકારી, ખાનગી અને ગ્રાન્ટ-ઈન-એઈડ કોલેજોમાં તા.૦૧.૦૫.૨૦૨૧ થી તા.૦૫.૦૬.૨૦૨૧ સુધી વેકેશન જાહેર કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બી.એસ.પરમાર)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- નામદાર રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.(પત્ર મારફત)
- માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

- માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી(ઉ.શિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

<u>નકલ રવાના:</u>

- અગ્રસચિવશ્રી (શિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી (આ.પ.ક.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, ટેકનીકલ શિક્ષણની કચેરી, કર્મયોગી ભવન, ગાંધીનગર.
- વાઈસ ચાન્સેલરશ્રીઓ, તમામ સરકારી યુનિવર્સિટીઓ (ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીની કચેરી મારફત/ઉચ્ચ શિક્ષણ ટેકનિકલની કચેરી મારફત)
- સરકારી/બિનસરકારીઅનુદાનિત/ખાનગી કોલેજો અને ખાનગી યુનિવર્સિટીઓ (ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીની કચેરી/ઉચ્ચ શિક્ષણ ટેકનિકલની કચેરી મારફત)
- સિલેક્ટ ફાઈલ